ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૫-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

# ભૂકંપ રૂપી ભોરિંગ ગમે ત્યારે આભડી શકે છે

ઇ.સ. ૧૯૩૪માં બિહારમાં ભયંકર ભૂકંપ આવ્યો ત્યારે મહાત્મા ગાંધીજીએ એને પ્રજાનાં પાપોનું પરિણામ ગણાવ્યો હતો. ગાંધીજી જ નહીં, આપણી ધાર્મિક પ્રજાનો બહુ મોટો સમુદાય આવી અવૈજ્ઞાનિક અંધશ્રદ્ધા ધરાવતો રહ્યો છે. જો કે તે વખતે પણ પંડિત જવાહરલાલ નહેરુ જેવા વિવેક બુદ્ધિવાદી નેતાએ ગાંધીજી સાથે જાહેરમાં અસહમતી દર્શાવેલી. ભૂકંપ, સુનામી, અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ અને છપ્પનિયા દુકાળ જેવી ઘટનાઓને માનવીનાં પાપ કે પુણ્ય સાથે જોડવી એ ધરાર અંધશ્રદ્ધાળુ અભિગમ છે. પ્રકૃતિ સાથે માણસજાત હદ બહારનો અત્યાચાર ગુજારે છે, એથી પર્યાવરણ સંતુલન જોખમાય છે અને પરિણામે પ્રકૃતિ કોપે છે - એ થિયરી સાથે હજી પણ સહમત થઇ શકાય, પરંતુ આપણા દેશમાં જેમ રક્તપિત્તને પૂર્વજન્મનાં પાપોનું ફળ માનવામાં આવતું એમ પ્રાકૃતિક આપદાઓને પણ પાપજન્ય ગણી પ્રજાને દોષ દેવામાં આવે, એ ઉચિત નહીં લેખાય. પ્રકૃતિ સાથે ચેડાં કરતાં માનવીને એક લક્ષ્મણરેખા આંકીને અટકી જવા ફરજ પાડવાનું કામ પણ ઘણું અઘરું છે, છતાં સરકાર આ મુદ્દે જરા વિશેષ ગંભીર બને તો જરુર પ્રકૃતિનું સંરક્ષણ શક્ય છે. ભૂકંપ જેવી ટ્રેજેડી એક અનિવાર્ય અને અપરિહાર્ય વિડંબના છે. કાળા માથાના માનવી પાસે એને અટકાવવાનો તો ઠીક, એની આગાહીનો પણ કીમિયો નથી. વિજ્ઞાન કુદરત આગળ કેટલું પાગળું છે, તેનું આ જીવંત ઉદાહરણ છે. પ્રકૃતિના દોહનમાં તો દુનિયાના તમામ દેશો એકબીજાની હરિફાઇમાં પડેલાં છે. નેપાળ કદાચ પ્રકૃતિનું ઓછામાં ઓછું દોહન કરતું હશે જયારે અમેરિકા જેવા દેશોને તો કોઇ નિયમો નડતાં જ નથી. પરંતુ નેપાળમાં ભૂકંપ આવે છે અને અમેરિકામાં નથી આવતો, એનાં કારણો ભૂસ્તરીય અને ભૌગોલિક છે. જાપાનમાં ભૂકંપ અને જવાળામુખી જેવી આફતો વરસોવરસ આવતી રહે છે. એથી જાપાનીસ પ્રજા 'પાપી' છે અને અમેરિકાનો 'પુણ્યશાળી' - એવી ધારણા થોડી બાંધી શકાય! પૃથ્વી લાખો-કરોડો વર્ષો પૂર્વે સૂર્યના ધગધગતા અગનગોળામાંથી છૂટી પડેલી છે. એનું ભીંતર હજી પણ ઠર્યું નથી. અંદરનો સળવળાટ ચાલુ છે. પડોમાં વહેંચાયેલી પૃથ્વીનો આ સળવળાટ કયારે કેવાં તોફાનો જગવશે, એની કલ્પના તો ખુદ ભૂસ્તરવિજ્ઞાનીઓ પણ નથી કરતી શકતા. એમને ઊંડા, અભ્યાસપૂર્ણ સંશોધનો કરીને ભૂકંપની સંભાવના ધરાવતા પ્રદેશોનું વર્ગીકરણ જરુર આપ્યું છે તે મુજબ આખો હિમાલય ભૂકંપની જ પેદાશ છે, આજે જયાં વિશ્વની સૌથી ઊંચી પર્વતમાળા છે ત્યાં યુગો પૂર્વે સમુદ્ર ઘુઘવતો હતો. હિમાલયનો પથ્થર જળકૃત ખડક છે. જયારે આબુ-ઇડરની અરવલ્લી ગિરિમાળા અગ્નિકૃત ખડક છે. ઉંમરની રૂએ અરવલ્લી હિમાલયનો પ્રપિતામહ છે અને તે જવાળામુખી કે 'લાવા'નું બંધારણ ધરાવે છે. કચ્છ ભૂકંપને કારણે રચાયેલો પ્રદેશ છે. ભૂકંપ એની ભૂગોળ બદલતો રહ્યો છે. સિંદુ અને સરસ્વતીનાં વહેણ ફંટાતાં રહ્યાં છે. સિંધુ તો હયાત છે જયારે સરસ્વતીએ સીતાની જેમ સમાધિ લઇ લીધી છે. સેટેલાઇટનાં આધુનિક ઉપકરણો દ્વારા એનો રણગ્રસ્ત પ્રવાહ જોઇ શકાય છે. ભૂકંપ કયાં અને કયારે ત્રાટકશે, એની આગાહી અઘરી છે. આવે છે ત્યારે એ હાહાકાર મચાવી દે છે. વખત ફૂરતો એનો ડર માણસમાત્રને ધ્રુજાવે છે. પરંતુ કુદરતે માણસને વિસ્મૃતિનું વરદાન આપેલું છે. એ બહુ જ જલદી કામધંધે વળી જાય છે. ભૂકંપે જૂની સંસ્કૃતિઓ અને મહાકાય પ્રાણીઓનો નાશ કરી નવી સંસ્કૃતિઓના ઉદયનાં દ્વાર ખોલી આપેલા છે. હડપ્પા અને મૂએં-જો-ડેરોની દ્રવિડ સંસ્કૃતિથી લઇ નાલંદા અને તક્ષશિલા જેવી બૌદ્ધિકાલીન યુનિવર્સિટીઓ ધરતીના પેટાળમાં ધરબાઇ ગઇ છે. ભૂકંપે ભગવાનને પણ છોડયા નથી. કૃષ્ણની દ્વારકા સાત સાત વાર ડૂબી છે. અલબત્ત, યાદવોએ માઝા મૂકી દીધી હતી, એટલે એ ઘટનાને પણ આજપર્યંત પાપોનું જ પરિમાણ માનવામાં આવે છે.



### શ્રીશ્રી રવિશંકર જન્મદિને આર્ટ ઓફ લીવીંગની મહાસાધના

ધ્યાન, યોગ, સત્સંગ અને સેવા દ્વારા વિશ્વભરમાં શાંતિના રાજદૂત તરીકે જાણીતા થયેલા ભારતીય આધ્યાત્મિક ગુરુ શ્રીશ્રી રવિશંકરના જન્મદિન નિમિત્તે આર્ટ ઓફ લીવીંગના ગાંધીનગર ચેપ્ટર દ્વારા મહા સુદર્શન સાધનાનું આયોજન કરવામાં આવ્યું હતું. તણાવમુક્ત જીવન અને હિંસામુક્ત વિશ્વની કામના માટે સતત પ્રયત્નશીલ એવા શ્રીશ્રી રવિશંકર માત્ર ચાર વર્ષની ઉંમરે સંપૂર્ણ ગીતા કંઠસ્થ કરી લીધી હતી. તેમજ સાયન્સમાં ગ્રેજ્યુએટ થયા બાદ શ્રી મહેશ યોગીના સાનિધ્યમાં આવતા જીવન આધ્યાત્મને સમર્પિત કરી દીધુ હતુ.

(તસવીર : કશ્યપ નિમાવત)

# કામધેનુ યુનિવર્સિટીમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત દ્વીપક્ષીય વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

કામધેનુ યુનિવર્સિટી દ્વારા ગુજરાત સરકાર પ્રેરિત મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત તા. ૧-૫-૨૦૧૫ થી 'સ્વચ્છતા અભિયાન'ની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાનના ભાગરૂપે તા. ૨-૫-૨૦૧૫ના રોજ યુનિવર્સિટી દ્વારા ડેરી સાયન્સ કોલેજ, અમરેલી ખાતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન પુરૂ પાડવાના હેતુથી દ્વીપક્ષીય વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલસચિવ વી.પી. મેકવાને ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પોતાના જીવનનું ધ્યેય નક્કી કરી તેને પામવા માટે સતત પ્રયત્નશીલ રહેવા અનુરોધ કર્યો હતો. યજમાન સંસ્થાના આચાર્ય તથા ડેરી સાયન્સના ડીન વી.એમ. રામાણીએ સ્વચ્છતા અભિયાન અંતર્ગત યોજાનાર કાર્યક્રમો અને તેની રૂપરેખા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. યુનિવર્સિટી વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓના નિયામક ડૉ. ભાવિક પટેલે સ્વચ્છતા અભિયાનને માત્ર વ્યક્તિગત સ્વચ્છતા પુરતુ સીમિત ન રાખતા ઘર, કોલેજ, જાહેર સ્થળો તેમજ સમગ્ર સમાજને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા પર ભાર મુક્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સક્રીય ભાગ લીધો હતો અને તેઓના પ્રશ્નોનું પણ ઉચિત સમાધાન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત કામધેનુ યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવેલ છે. કામધેનુ યુનિવર્સિટી દ્વારા મહાત્મા ગાંધીજીના સ્વપ્નને મૂર્તિમંત કરવા માટે વિદ્યાર્થી, સ્ટાફ તથા યુનિવર્સિટી અધિકારીઓના સહીયારા પ્રયાસથી સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવાના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

# ટૂંકી વાર્તા લેખન કાર્યશિબિરમાં જોડાવવા ઈચ્છતા નવોદિત સાહિત્યકારોને તક

ગાંધીનગર, તા. ૧૩

રાજયના ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતાં ટૂંકી વાર્તા લેખન કાર્યશિબિરમાં જોડાવા માંગતા હોય તેવા યુવા સાહિત્યકારો માટે આગામી ઉનાળુ વેકેશન ત્રીજા અઠવાડીયામાં ટૂંકીવાર્તા લેખન કાર્યશિબિર યોજાનાર છે. આ કાર્યશિબિરમાં ખ્યાતનામ સાહિત્યકારોની રાહબરી હેઠળ એક અઠવાડિયા માટે આણંદ ખાતે આ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવનાર છે. જે યુવક-યુવતીઓની ઉંમર તા. ૩૦-૬-૨૦૧૫ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા હોય અને આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા યુવા સાહિત્યકારોએ સાદા કાગળમાં પોતાનું પુરૂનામ/ સરનામુ, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વ્યવસાય, ટૂંકીવાર્તા લખાયેલ હોય તેની નકલની કૃતિ, તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનાં ફોટોગ્રાફ સાથેની અરજી તા. ૩૦-૫-૨૦૧૫ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા સેવા સદન, રૂમ નં. ૩૦૭, બોરસદ ચોકડી, આણંદને મળી જાય તે રીતે મોકલી આપવા જણાવાયું છે.

મળેલ અરજીઓમાંથી યોગ્યતા ધરાવતાં ૨૫ નવોદિત શિબિરાર્થીઓની પસંદગી કરવામાં આવશે. પસંદ કરેલ શિબિરાર્થીઓનોપ્રવાસખર્ચ, નિવાસખર્ચ, ભોજનખર્ચ સરકાર દ્વારા કરવામાં આવશે. જેમની પસંદગી થશે તેવા યુવક-યુવતીઓને આ શિબિરમાં ભાગ લસેવા માટે જે તે સમયે જાણ કરવામાં આવશે. આ માટે કોઈ પત્ર વ્યવહાર નહી કરવા તાકીદ કરવામાં આવી છે.

# જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ વર્ગનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આર્મી, એરફોર્સ, નેવી, અર્ધ લશ્કરી દળો, પેરા મીલીટ્રી તથા પોલીસ ફોર્સ વગેરેમાં જોડાવવા માંગતા ઉમેદવારોને ભરતી પૂર્વે શારીરિક તેમજ માનસિક ક્ષમતા માટે સ્વામી વિવેકાનંદ પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

આર્મી, એરફોર્સ, નેવી, અર્ધ લશ્કરી દળો, પેરા મીલીટ્રી ફોર્સીસ તથા પોલીસ ફઓર્સ વગેરેની જગ્યાઓ માટે શારીરિક યોગ્યતા ધરાવતા, નિયત કરેલ જરૂરી શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ ધોરણ-૧૨ પાસ અને ૧૭ થી ૨૮ વર્ષ ઉંમર ધરાવતા યુવાનોને શારીરિક તેમજ માનસિક ક્ષમતા તથા લેખિત પરીક્ષા માટે આ ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવશે. આ તાલીમમાં શારીરિક યોગ્યતા માટે ઉંચાઈ, વજન તથા છાતી શારીરિક કસોટીઓ જેવી કે, દોડ, લાંબો કૂદકો, પુલ અપ્સ વગેરેની તાલીમ માટે ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર દ્વારા ભરતીને અનુરૂપ શારીરિક તાલીમ આપવામાં આવશે. તથા અન્ય તાલીમી વ્યાખ્યાતાઓ દ્વારા અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન તથા સામાન્ય જ્ઞાનની તાલીમ આપવામાં આવશે.

ઉમેદવારોની યાદી રોજગાર કચેરી દ્વારા જાહેર પ્રસિદ્ધ થયાના પંદર દિવસ અથવા તો તા. ૩૧મી મે, ૨૦૧૫ સુધીમાં બે માંથી જે મોડુ હોય તે પ્રમાણે કચેરીના કામકાજના દિવસોમાં સવારના ૧૦.૩૦ થી સાંજના ૬.૦૦ કલાક સુધીમાં અરજીફોર્મ સ્વીકારવામાં આવશે. અરજીફોર્મ રોજગાર કચેરીમાં વિનામૂલ્યે મળશે. ત્યાર બાદ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી માટે શારિરીક ક્ષમતા અંગેનો ટેસ્ટ લેવામાં આવશે. પસંદગી થયેલ ઉમેદવારોની સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટર મારફતે પ્રાથમિક તબીબી ચકાસણી કરીને તાલીમાર્થીઓની ફાઈનલ યાદી તૈયાર કરવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે પ્રથમ ૨૦૦ ઉમેદવારોને જ પસંદ કરવાના હોવાથી રાહ જોયા વગર તાત્કાલિક સંપર્ક કરવાનો રહેશે. શારીરિક/તબીબી ચકાસણી પ્રાથમિક કક્ષાએ કામચલાઉ રહેશે. સંબંધિત ભરતી એજન્સી દ્વારા કરવામાં આવેલ ચકાસણી જ આખરી ગણાશે.

આ તાલીમ વર્ગમાં જોડાનાર ઉમેદવારને દૈનિક રૂપિયા ૧૦૦ લેખે ૩૦ દિવસના રૂપિયા ૩૦૦૦ સ્ટાઈપેન્ડ ચેક દ્વારા ચુકવવામાં આવશે. રહેવા, જમવાનું તથા ભરતી અનુરૂપ તાલીમ વિના મૂલ્યે છે. તાલીમ માટેનું સ્થળ ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ, ગાંધીનગર ખાતે તથા તાલીમ વર્ગ અંદાજિત જૂન માસમાં ચાલુ થનાર છે. આ તાલીમ વર્ગમાં જોડાવવા માટે ઉમેદવારે એક પાસપોર્ટ સાઈઝનો ફોટો, આઈડેન્ટી પ્રુફની ઝેરોક્ષ અરજી ફોર્મમાં દર્શાવેલ સુચનાઓને આધીન ફોર્મ તથા સંમતીપત્રક ભરવાનું રહેશે. તાલીમની વધુ માહિતી માટે રોજગાર વિનિમય કચેરીની હેલ્પલાઈન ટેલીફોન નંબર ૨૩૨-૫૭૫૭૧ પર સંપર્ક કરવા રોજગાર અધિકારી, ગાંધીનગરે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## હરિની દૃષ્ટિ...




આમને આમ ગમે ત્યારે વરસાદ આવશે... તો આપણું જીવન સાવ માણસો જેવું થઈ જશે...!!

# આજે 'મુંબઈ વિધાનમંડળમાં ડૉ. આંબેડકર' ગ્રંથ વિશે વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા તા. ૧૪મી મે સાંજે ૬ કલાકે ડૉ. આંબેડકર ગ્રંથ શ્રેણીના 'મુંબઈ વિધાનમંડળમાં ડૉ. આંબેડકર' ગ્રંથ વિશે જાણીતા સાહિત્યકાર અને કર્મશીલ ભાનુપ્રસાદ પુરાણીના વક્તવ્યનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ સે. ૧૨માં ડૉ. આંબેડકર ભવન ખાતે યોજાશે. જેનો લાભ લેવા ગાંધીનગરની જાહેર જનતાને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# નગરમાં બાળકોનો આઈપીએલ દરમિયાન પોતાની મનપસંદ ટીમ માટે અનોખો અંદાઝ

**ટીમે જે કલરનો ડ્રેસ પહેર્યો હોય તેવી ટીશર્ટ પહેરીને જ મેચ જોવી, ચિયરીંગ કરવું વગેરે થકી સપોર્ટની લાગણી**

ગાંધીનગર, તા. ૧૩

ભારતમાં હાલ રમાઈ રહેલી આઈપીએલ સિઝન-૮ની લોકપ્રિયતા પરાકાષ્ઠાએ છે. વેકેશન દરમિયાન જ ચાલતી આ ક્રિકેટ સ્પર્ધાએ નાનાથી માંડીને મોટેરાઓમાં પણ ઘેલું લગાડયું છે. જેમાં બાળકો તો આઈપીએલની ટીમો પૈકી પોતાની પસંદગીની ટીમ માટે અનોખો અંદાજ ધરાવે છે. જેનાથી વાલીઓ પણ અચરજ પામી ગયા છે. મેદાનમાં રૂબરૂ હાજર હોય તેવો માહોલ ઘરમાં ઉભો કરી પોતાની ટીમને સપોર્ટ કરવા આ બાળકો અવનવું કરી રહ્યા છે. જે હાલમાં ઉડીને આંખે વળગે તેવું બન્યું છે.

આઈપીએલ સિઝન-૮માં ભારતના જુદા જુદા રાજયોના નામ સાથે કુલ આઠ ટીમો ભાગ લઈ રહી છે. જેમાં ભારતીય ક્રિકેટરો સાથે વિદેશના ક્રિકેટર પણ સામેલ છે. અને આ ટીમોને જુદા જુદા ડ્રેસ કોડ આપવામાં આવ્યા છે. હાલ આ આઠમી સિઝનમાં લીગ રાઉન્ડ અંતિમ તબક્કામાં છે તો



બીજી તરફ વેકેશન પણ લગભગ દરેક રાજયમાં શરૂ થઈ ગયા છે.જેથી ક્રિકેટ ફીવર પુર્ણ પણે ક્રિકેટ રસીયાઓ ઉપર હાવી થઈ ગયો છે. જેમાં સૌથી વધારે બાળકો આ બાબતે સંવેદનશીલ બન્યા હોય તેવું લાગ્યું છે.

નગરમાં બાળકો આઈપીએલ સિઝન-૮માં અનોખો અંદાજ લાવ્યા છે જેમાં જે તે ટીમના ડ્રેસના કલર જેવી જ ટીશર્ટ ખરીદીને ટીમ રમતી હોય તે સમયે ઘરમાં જ બેસી ટીશર્ટ પહેરી સપોર્ટ કરી રહ્યા છે તો ચિયરીંગ કરી ટીમને જુસ્સો પુરો પાડી રહ્યા છે. જેથી વાલીઓ પણ અચંબિત થઈ ઉઠયા છે. ગાંધીનગરના પેથાપુરમાં રહેતા ફરહાનબેગે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન ધોનીના નેતૃત્વ વાળી ચેન્નાઈ સુપર કીંગની પસંદગી કરી છે. આર્મી કેમ્પમાં આવેલી કેન્દ્રીય વિદ્યાલયમાં અભ્યાસ કરતો ફરહાન બીગ બજારમાંથી પીળા કલરની ટીશર્ટ લાવ્યો છે્ને ટીમ રમાતી હોયત્યારે ટીશર્ટ પહેરીને ટીવી સામે બેસી જાય છે અને ઠંડા પીણા તથા નમકીન વગેરે લઈ ચિયરીંગ કરી ટીમને સપોર્ટ કરે છે.

આજ રીતે નગરમાં અનેક બાળકો પોતાની ટીમ માટે કંઈક કરવાની ભાવના સેવી રહ્યા છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# ગુરુ ગોખલેજીને મહાત્મા ગાંધીની શબ્દાંજલિ

## ગોપાલકૃષ્ણ ગોખલેના જીવન કવન અને નીતિ-નિષ્ઠાની વાતો દરેક સભાઓમાં ગાંધીજીએ સતત વાગોળી

ગતાંકના લેખમાં પણ ગોપાલકૃષ્ણ ગોખલેના અવસાન બાદ ગાંધીજીએ વિવિધ પ્રસંગોએ ગુરુ ગોખલેજીના જીવન કવન અને આચાર વિચારની કાર્ય પ્રણાલી અને નીતિ સંદર્ભે કહેલી વાતોને વાગોળી હતી. આ લેખમાં પણ ગાંધીના ગોપાલકૃષ્ણ ગોખલેને ગુરુ માન્યા પછી એક શિષ્ય તરીકે તેમના પ્રત્યે આદરભાવ વ્યક્ત કરતા પ્રસંગો રજુ કરવા છે.

ગોપાલકૃષ્ણ ગોખલેના દેવ થઇ ગયા બાદ દેશના કોઇ પણ પ્રદેશ, ભાગ કે ખૂણામાં પ્રસંગ મુલાકાતનો હોય કે સન્માન સમારંભનો કે માનપત્રની નવાજેશ હોય ગાંધીએ સતત સ્મરણ સાથે ગોખળેને યાદ કરીને શબ્દોની ફૂલમાળા દિવંગતને અવિરત ચડાવી હતી.

૩૧ માર્ચ ૧૯૧૫માં કલકત્તાના કોલેજ સ્કવેરમાં આવેલા સ્ટુડન્ટ્સ હોલમાં મળેલી ગંજાવર સભામાં યુવકોનું કર્તવ્ય શું છે? એ બાબતે વકતવ્ય આપ્યું હતું. વકતવ્યના પ્રારંભે જ જો કે ગાંધીજીએ ગુરુજીના યાદ કરતાં કહ્યું કે "મારા સદ્ગત ગુરુએ મને આજ્ઞા કરી હતી કે હું અહીં (હિંદુસ્તાન) રહું તે દરમિયાન મારે મારા કાન ખુલ્લા રાખવા પણ મોં બંધ રાખવું. તેમ છતાં આ સભામાં ભાષણ કરવાનો લોભ છોડી શકતો નથી."

મારો અને મારા સદ્ગત ગુરુનો બંનેનો એવો અભિપ્રાય છે કે વિદ્યાર્થી સમાજને માટે રાજકારણ નિષિદ્ધ નહીં મનાવું જોઇએ. વિદ્યાર્થીઓ રાજકીય પ્રશ્નોનો અભ્યાસ નહીં કરે અને તેમાં ભાગ નહીં લે એવી વાત માટે મને કોઇ કારણ દેખાતું નથી.

આજે જયારે ૨૧મી સદીમાં સમગ્ર વિશ્વમાં યુવાનોની સંખ્યા વધારે છે અને એમાં પણ આપણાં દેશમાં યુવાનોની સંખ્યા વધારે છે ત્યારે સમગ્ર વિશ્વમાં ભારત યુવાઓની મહત્તમ સંખ્યા ધરાવતું હોઇ વૈશ્વિક સ્તરે માર્ગદર્શક બની રહેશે એવી આજે વાતો થઇ રહી છે ત્યારે સત્ય અને અહિંસાના મહાન




પથદર્શક મહાત્માએ તો એક સદી પહેલાં - સો વર્ષ અગાઉ યુવાનોની તાકાતને ધ્યાનમાં લઇ પોતાના વિચારો વ્યક્ત કરતાં કહ્યું હતું કે, "તમે નિર્ભય અને સાફ દિલના બનો અને ધર્મના સિદ્ધાંતોનું પાલન કરો. જો તમારી પાસે દેશને માટે કોઇ કાર્યક્રમ હોય તો તે જનતા સમક્ષ ખુલ્લી રીતે રજૂ કરો. અત્યારે મેં (રાજકીય) દેશવટો લીધો છે તેમ છતાં આ વિષય પર ગંભીરપણે વિચાર કરી રહ્યો છું એવો ઉલ્લેખ કરતાં તેમણે ઉપસ્થિત નવજવાનોને અપીલ કરતાં કહ્યું કે તમે ધર્મ અને નીતિની ભાવનાને જીવનમાં ઉતારો. જો તમે મરવાને તૈયાર હો તો હું પણ તમારી સાથે મરવા તૈયાર છું. હું તમારું માર્ગદર્શન સ્વીકારવા તૈયાર છું પરંતુ જો તમે દેશને ત્રાસ આપવા માગતો હશો તો હું તમારી વિરુદ્ધ બળવો પોકારીશ એમ પણ તેઓ સ્પષ્ટ કરે છે."

શાંતિનિકેતનમાં ભાષણ આપતી વખતે પણ તેમણે ગોખલેજીનો એક પ્રસંગ અનુભવ ટાંક્યો હતો. એક સમયે ગોખલેજીને એક મોટી સભામાં ભાષણ આપવાનું હતું. એને માટે એક ટૂંકું ભાષણ તૈયાર કરવામાં ત્રણ દિવસ ગાળ્યા. અને એક ભાષણ લખી નાંખવાનું મને સોંપ્યું. મેં એ ભાષણ લખીને આપ્યું તો ગોખલેજીએ તેમના અદ્ભૂત સ્મિત સાથે મારી સામે જોયું પછી મારી સાથે ચર્ચા કરીને કહ્યું : "આનાથી કંઇક સારી ચીજ આપો, આને ફરીથી લખી આપો." પછીના ત્રણ દિવસ પણ એમણે ચિંતા કરી, આખરે જયારે એ ભાષણ અપાયું ત્યારે સમસ્ત શ્રોતાગણ ગદ્ગદિત થઇ ગયો હતો. કશી પણ નોંધ વિના જ ગોખલે પોતાના ભાષણ આપતા હતા. કારણ કે તેઓ એની સંપૂર્ણ તૈયારી કરી રાખતા હતા. ગાંધીજી ગોખલેજીના ભાષણ વિશે વધુ આગળ ઉમેરે છે, ભાષણની એમની તૈયારી એટલી સંપૂર્ણ રહેતી કે કોઇને કહેવાનું મન થાય કે તેઓ પોતાના ભાષણો પોતાના રક્ત વડે લખતા હતા.

ગોખલેનો ચોક્કસ અને નિર્ભયતાના પ્રતીકની સાથે નમ્ર લેખાવતાં ગાંધી કહે છે કોઇ પ્રસંગે તેઓ આકળા થઇ જતા, પરંતુ તરત જ મોં પર સ્મિત લાવી ક્ષમા માગી લેતા અને સામેની વ્યક્તિ કોઇ નોકર હોય કે મોટો માણસ હોય તો પણ તેને કહેતા : "હું જાણું છું કે તમે મને માફ કરશો, નહીં કરો?" એવા પ્રતિપ્રશ્ન કરીને ગોખલેજીએ જીવનના તમામ વ્યવહારોમાં પહેલેથી છેલ્લે સુધી માનવતા ભરેલી લાગણી જ વ્યક્ત કરી હતી.

(સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ : ૧૩, પૃષ્ઠ : ૨૬, અને ૪૨, ૪૩)

(લેખક : સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)